# Indian nationals on board Diamond Princess cruise ship off Japan coast brought back in a special flight

February 27, 2020

# જાપાનનાં સમુદ્ર કિનારે લાંગરેલા ડાયમંડ પ્રિન્સેસ ક્રુઝ શિપમાં રહેલા ભારતીય નાગરિકોને વિશેષ ફ્લાઈટથી પરત લાવવામાં આવ્યા

ફેબ્રુઆરી 27, 2020

1. 27 ફેબ્રુઆરી 2020 નાં રોજ એક વિશેષ એર ઈન્ડિયા ફ્લાઇટ ટોક્યોથી નવી દિલ્હી આવી પહોંચી હતી જેમાં 119 ભારતીય નાગરિકો (113 ક્રૂ સભ્યો અને 6 પેસેન્જર) પરત લાવવામાં આવ્યા હતા જેઓ જાપાનમાં યોકોહામા ખાતે લાંગરવામાં આવેલા ડાયમંડ પ્રિન્સેસ ક્રુઝ શિપ પર હતા. ભારતની પાડોશીઓને પ્રાથમિકતાની નીતિ અને ઈન્ડો-પેસિફિક વિઝનનાં અનુપાલનમાં, આ વિશેષ ફ્લાઈટ મારફત 5 વિદેશી નાગરિકોને પણ ત્યાંથી લઈ આવવામાં આવ્યા હતા- 2 શ્રીલંકન, 1 નેપાળી, 1 સાઉથ આફ્રિકન અને 1 પેરુવિયન. આ બધા લોકો હરીયાણામાં માનેસરમાં ભારતીય સૈન્ય દ્વારા સ્થાપવામાં આવેલી ક્વોરેન્ટાઇન સુવિધા ખાતે 14 દિવસનાં ક્વોરન્ટાઇનમાં રહેશે.

2. 03 ભારતીય ક્રૂ સભ્યો વિશેષ ફ્લાઇટમાં બેઠા ન હતા અને જાપાન સરકાર દ્વારા રાખવામાં આવેલી વધારેલી ક્વોરન્ટાઇન અવધી પૂર્ણ કરવા ક્રુઝ શિપ પર તેઓનું રોકાણ ચાલુ રાખવાની મરજી વ્યક્ત કરી હતી.

3. ડાયમંડ પ્રિન્સેસ પર હતા તેવા કુલ 138 ભારતીય નાગરિકોમાંથી, 16 ભારતીય ક્રૂ સભ્યોને કોરોનાવાઈરસ-2019 (કોવિડ-19) પોઝિટિવ આવ્યો છે અને જાપાનમાં સમુદ્ર કિનારા પરની તબીબી સુવિધા ખાતે જરૂરી તબીબી સંભાળ અને સારવાર મેળવી રહ્યા છે. ટોક્યો ખાતે આવેલી ભારતીય એલચી દ્વારા આ વ્યક્તિઓ સાથે સંપર્ક સ્થાપવામાં આવ્યો છે અને તેઓનાં સાજા થવા અંગે સતત અનુસરણ મેળવી રહ્યા છે.

4. જાપાન સરકાર દ્વારા 5 ફેબ્રુઆરી 2020 નાં રોજથી 14 દિવસો માટે એટલે કે 19 ફેબ્રુઆરી 2020 સુધી આ જહાજને ક્વોરન્ટાઇન હેઠળ રાખવામાં આવ્યું હતું કારણ કે આ જહાજમાંથી ઉતરેલા એક પેસેન્જરની કોવિડ-19 માટેની તપાસ પોઝિટિવ આવી હતી. જાપાન સરકાર દ્વારા ક્વોરન્ટાઇન અવધી વધારવામાં આવી હતી કારણ કે ક્રૂ સભ્યો પ્રારંભિક 14 દિવસોની ક્વોરન્ટાઇન અવધી દરમિયાન તેઓની નિયમિત ફરજો બજાવતા હતા.

**નવી દિલ્હી**
**ફેબ્રુઆરી 27, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.